મોડાસા માર્કેટ યાર્ડમાં ૧૫ હજાર બોરી સોયાબીનની ખરીદી કરાઈ

મોડાસા, તા.૨૦

ખેડૂતો પાસેથી ટેકાના ભાવે સોયાબીનની ખરીદી કરવા સરકારે ટેકાના ભાવ જાહેર કરી કેન્દ્રો શરૂ કર્યા હતા. મોડાસામાં પણ નવીન માર્કેટ યાર્ડ ખાતે સોયાબીનની ખરીદી માટે કેન્દ્ર શરૂ કરાયુ હતું અને અત્યાર સુધીમાં ૧૫ હજાર બોરી સોયાબીનની ખરીદી કરવામાં આવી હતી. બાદમાં ખરીદી પૂર્ણ થતાં કેન્દ્ર બંધ કરવામાં આવ્યું હતું.

મોડાસા ખાતેના સબલપુર સીમમાં આવેલ નવા માર્કેટ યાર્ડમાં સોયાબીન વેચવા માટે ૨૧૩ ખેડૂતોએ રજી. કરાવ્યું હતું અને અત્યાર સુધીમાં ૧૮૭ ખેડૂતોએ ટેકાના ભાવે સોયાબીન વેચ્યુ હતું.

ચોરાયેલો મોબાઈલ એક્ટિવ થતાં જ પોલીસે ચોરને ઝડપી લીધો

શામળાજી આર્ટ્સ કોલેજ ખાતે બેગમાંથી મોબાઈલ ચોરીનો ગુનો કરી મોબાઈલ લઈ ભાગી ગયેલા આરોપીએ ચોરાયેલા મોબાઈલમાં સીમકાર્ડ એક્ટિવ કરતાં જ એસઓજી પોલીસે લોકેશનના આધારે આ મોબાઈલ ચોરને મોબાઈલ સાથે

સબલપુર યાર્ડમાં ૧૮૭ ખેડૂતોએ ટેકાના ભાવે સોયાબીન વેચ્યુ

ઝડપી પાડ્યો હતો.

શામળાજી પોલીસ મથકમાં મોબાઈલ ચોરીની ફરિયાદથી નોંધાયેલ મોબાઈલ ચોરીના ગુનામાં ચોરાયેલ મોબાઈલ ફોનમાં સીમકાર્ડ એક્ટિવ થતાં ટેકનિકલ એનાલીસિસના આધારે એસઓજી પોલીસની તપાસમાં લોકેશન ઉપર જઈ પોલીસે મોબાઈલ ચોર યશપાલ મોઘજીભાઈ ઢુસા (ઉં.વ.૨૧, રહે.મોટા કંથારીયા)ને ઝડપી લીધો હતો. તેની ધરપકડ કરી મોબાઈલ કબજે લઈ જેલ હવાલે કર્યો હતો.

કલેક્ટર મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ

ગાંધીનગરમાં રેતી ચોરી કરતા ચાર ડમ્પરો જપ્ત કરાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના જિલ્લા કલેક્ટર મેહુલ દવેના માર્ગદર્શન અને મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી પ્રણવસિંહની સૂચના હેઠળ ગાંધીનગર જિલ્લાના મદદનીશ ભૂસ્તારશાસ્ત્રીની કચેરી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાની ક્ષેત્રિય ટીમ દ્વારા કરવામાં આવતી સતત બિનઅધિકૃત ખનિજ ખનન વહન અને સંગ્રહ અન્વયેની કામગીરી દરમ્યાન સાદી રેતી ખનિજના બિનઅધિકૃત વહન કરતા કુલ ૦૪ વાહનો જપ્ત કરવામાં આવ્યાં છે. જેમાં આશરે કુલ ૦૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

વાહનમાલિકો સામે દંડકીય કાર્યવાહી કરાશે

ગાંધીનગર જિલ્લાના વલાદ પાસેથી સાદી રેતી ખનિજનું રોયલ્ટી પાસ વગર વહન કરતા તથા વૈષ્ણોદેવી સર્કલ ગાંધીનગર પાસેથી સાદી રેતી ખનિજના રોયલ્ટી પાસ વગર વહન કરતાં પકડી પાડવામાં આવ્યા છે. ઉપરાંત ગાંધીનગર ઉવારસદ, કર્ણાવતી યુનિવર્સિટી પાસેથી સાદી રેતી ખનિજ રોયલ્ટી વગર બિનઅધિકૃત વહન કરતા તથા સાદી રેતી ખનિજ રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત વહન કરતા પકડવામાં આવ્યા છે. એમ કુલ ૦૪ વાહનો, મશીનની આશરે કુલ ૦૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જપ્ત કરેલ વાહનો, મશીનના વાહનમાલિકો વિરુદ્ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલ્લીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજ) નિયમો હેઠળ દંજકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અકસ્માતમાં બે યુવાનોનો બચાવ

પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે ટ્રકે બાઈકને ટક્કર મારી

પ્રાંતિજ, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે હિંમતનગર તરફથી આવતી આઈવા ચાલકે આગળ જઈ રહેલ બાઈકને અડફેટે લઈ ટક્કર મારતા બાઈક ઉપર જઈ રહેલ બે યુવાનોનો બચાવ થયો હતો.

હિંમતનગર તરફથી બટાકા ભરીને ફુલફાસ્ટ આવતી આઈવાના ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબૂ ગુમાવતા આગળ જઈ રહેલ બાઈકને ટક્કર મારી હતી અને બાઈકને અડફેટે લીધુ હતુ જેમા બાઈક ઉપર જઈ રહેલ પ્રાંતિજના પોગલુ ગામના બંન્ને યુવાનોનો બચાવ થયો હતો. બાઈક ટ્રકની નીચે આવી જતા અને ડમ્પર નીચે ફસાઈ જતા ડમ્પરચાલક બાઈકને ૨૦ ફૂટ સુધી ઘસડી ગયો હતો.

અકસ્માતમા બાઈકનો કુચડો થઈ ગયો હતો તો અકસ્માત આઈવા ચાલકે બાઈકને અડફેટે લઈને રોડની સાઈડમા આવેલ

ટ્રકચાલકે બાઈકને ૨૦ ફૂટ સુધી ઘસડ્યુ

વીજ પોલ સાથે ધડાકાભેર અથડાયુ હતુ અને ડમ્પરનો આગળનો ભાગ લોખંડના વીજ પોલ સાથે ફસાઈ ગયો હતો. અકસ્માત સજીર્ને આઈવા ચાલક પોતાની આઈવા મૂકીને સ્થળેથી ભાગી ગયો હતો, તો અકસ્માતને લઈને આજુબાજુમાંથી લોકો તાત્કાલિક ઘટના સ્થળ ઉપર આવ્યા હતા. તો આઈવા જીવત વીજ પોલ સાથે અથડાતા વીજ પોલ ઉપર શોર્ટ-સર્કિટને લઈ સ્પાર્ક મારતા વિજ વાયરો ઉપર વિજ તણખલા થતા પાસે આવેલ સૂકા વૃક્ષ ઉપર આગ લાગતા પ્રાંતિજ ફાયર બ્રિગેડને જાણ કરી હતી અને ફાયર બ્રિગેડ ટીમ ઘટના સ્થળે જઈ આગને બુઝાવી હતી.

ફૂડ વિભાગ દ્વારા ૩૭ નમૂના લેવાયા હતા

આણંદ જિલ્લામાં ઘી અને પનીરના નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર કરાયા

આણંદ, તા.૨૦

આણંદ જિલ્લાના ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા ખાદ્ય ચીજના નમૂના પૃથ્થકરણ અર્થે લેવામાં આવ્યા હતા. તે ખાદ્ય ચીજના નમૂનાઓ કાયદામાં ઠરાવેલ ધારા-ધોરણ મુજબના ન હોય સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ છે, જેમાં એડજ્યુડેકેશન કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ખાદ્ય ચીજના નમૂના કાયદામાં ઠરાવેલ ધારા-ધોરણ મુજબના ન હતા

નમૂના લીધેલ ખાદ્યચીજના વેપારી એકમોમાં આણંદ તાલુકાના વહેરાખાડીના મહિસાગર કિરાણા સ્ટોરના ઘી (લૂઝ), સહયોગ રેસ્ટોરન્ટ, આણંદ તથા હરિઓમ દાલ-બાટીના પનીર (લુઝ), ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લી.ના અમૂલ આઈસ લોંઝના ગ્રીક યોગો બેરી આઈસ્ક્રીમના નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર કરાયા છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, આણંદ દ્વારા જણાવવામાં આવ્યું છે.

ચીભડા રોડ પર રિક્ષા પલ્ટી મારી જતા શ્રમિક યુવકનું મોત

રાજકોટ તા.૨૦

મેટોડા જીઆઇડીસીમાં મજુરી કામ કરતો મનોહર બાંમ્બિયા નામનો યુવક રિક્ષામાં જતો હતો ત્યારે ચીભડા રોડ પર રિક્ષા પલ્ટી મારી જતા યુવકનું મોત નિપજયુ હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

રિક્ષામાં સવાર પાંચેક લોકોને સામાન્ય ઈજા

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મેટોડા જીઆઇડીસી ગેટ નં- ૩માં રહેતો મનોહર મુકેશભાઈ બાંમ્બિયા (ઉ.વ.૩૯) નામનો યુવક સવારનાં રિક્ષામાં બેસીને કામે જતો હતો ત્યારે ચીભડા રોડ ગૌશાળાની પાસે પહોચતા રિક્ષા પલ્ટી મારી જતાં રિક્ષામાં સવાર પાંચેક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જ્યારે મનોહરને ગંભીર ઈજાઓ પહોંચતા તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં દમ તોડી દિધો હતો. યુવક મૂળ મધ્ય પ્રદેશનો વતની હતો. અહીં કારખાનામાં મજુરી કામ કરતો હતો. તેને સંતાનમાં બે પુત્રી હોવાનું જાણવા મળ્યું હતું.

ચોટીલા નજીકથી રૂા.૬૬ લાખનો અંગ્રેજી દારૂ ઝડપાયો

વઢવાણ,તા.૨૦

સુરેન્દ્રનગર એલ.સી.બી.પોલીસ ટીમે આજરોજ નાની મોલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રિલાયન્સ ચેક પોસ્ટ સાથે નેશનલ હાઈવે પરથી એક ટ્રક ટેન્કરમાંથી રૂા.૬૬,૧૦ લાખથી વધુની કિંમતનો ૧૧,૫૪૪ અંગ્રેજી દારૂની બોટલોનો જથ્થો ઝડપી લીધો હતો.અને ટેન્કર સહિત રૂા.૭૬.૧૨ લાખનાં મુદ્દામાલ સાથે રાજસ્થાનનાં બાડમેર જિલ્લાનાં ટ્રક ડ્રાઈવર કમલેશ કુમાર સદારામ બિશ્નોઈને, ટાટા કંપનીનું ટેન્કરનં.જી.જે.૧૨બી.બાય ૮૦૨૯,ને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ સુરેન્દ્રનગર જીલ્લા નાયબ પોલીસ મહાવનરીક્ષક ડો.ગીરીશ પાંડયાનાઓએ પ્રોહી-જુગારની બદી સાંપુર્ણપે નેસ્તનાબુદ કરિ અલગ અલગ ટીમો સુરેન્દ્રરનગર જીલ્લા માંથી પસાર થતા અલગ અલગ નેશનલ હાઈવે પર ખાસ પેરોલ હાથ ધરી અમુક મહિનોમાં ચોરી છુ પીથી ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો ભરી સાંતાડી હેરાફેરી કરતા હોય જેથી તે અંગેની ચોકક્સ હકીકત મેળવી પરીમલક્ષી કામગીરી કરતા પોલીસ ઈન્સ્પેકટર જે જે જાડજો એલ.સી.બી. સુરેન્દ્રેનગરનાઓને સુચના કરલે.જે અન્યે એલ.સી.બી. સુરેન્દ્રનગરના પોલીસ ઈન્સ્પેકટર જે જે જાડેજા તથા પોલીસ સબ ઇન્સપકેટર તથા પેરોલ ફલો સ્કોડના પોલીસ સબ ઇન્સ્પેકટર આર.એચ.ઝાલા નાઓએ એલ.સી.બી. તથા પેરોલ ફલો સ્કોડાના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી ચોકકસ હકીકત મેળવી પ્રોહીબીશનની પરીમરલક્ષી કામગીરી કરલે. જે અન્યે એલ.સી.બી. ટીમને ચોકકસ બાતમી હકીકત મળેલ કે, ટાટા કાંપનીની ટરક ટેન્કર રજી.નાં.જીજે-૧૨-બીવાય-૮૦૨૯ ચાલક ગે.કા. ભારતીય ઈંગ્લીશદારૂ ભરી હાલ ચોટીલા તરફથી રાજકોટ તરફ માટે અહી નાની મોલડી પો.સ્ટે.ના રીલાયન્સ ચેક પોસ્ટ સામે નેશનલ હાઇવે રોડ પરથી નીકળનાર છે.જે હકીકત આધારે સદરહુ જગ્યાએ પ્રોહી આંગે રઈડ કરી આરોપીના કબજા ટેન્કર માંથી (૧) EVER-GREEN RESERVE WHISKY બોટલ નાં.૮૯૦૪ (૨) CAPITAL XXX MATURED RUM બોટલ નાં.૨૬૪૦ એમ કુલ બોટલ નાંગ-૧૧૫૪૪ કુલ કી.રૂા.૬૬,૧૦,૧૦૪/- તથા મોબાઈલ ફોન નાં.૦૧ વક.રૂા.૨,૦૦૦/- તથા ટેન્કર રજી.નાં- જીજે-૧૨-બીવાય-૮૦૨૯ વક.રૂા.૧૦,૦૦૦૦૦/- એમ કુલ વક.રૂા.૭૬,૧૨,૧૦૪/-ના મુદામાલ સાથે એક ઇસમને પકડી પાડી મજકૂર ઇસમ વિરુધ્ધમા નાની મોલડી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશન ધારા મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરાવી છે. ટાટા કાંપનીનુ ટેન્કર નાંબર જીજે-૧૨-બીવાય-૮૦૨૯ નો ચાલક આરોપી કમલેશકુમાર સ/ઓ સદારામ બિશનોઈ જાતે બિશનોઈ ઉ.વ.૨૯ ધાંધો.ડ્રાઈવિંગ રહે, ગામ.વમઠડા ખુદણ-II, તા.ધોરી મન્ના જી.બાડમેર, રાજસ્થાન મો-૯૬૬૪૧૩૪૨૨૯ પકડાવાનાં બાકી આરોપીઓ ટેન્કર માલીક સુખદેરામ ભીયારામ બિશનોઈ રહે:-H-42 વદરા નગર, વમઠી રોડ તા:-ગાધીધામ જી-કચ્છ મુળગામ- રોયલા તા.સેડા જી.બાડમેર રાજસ્થાન (૨) હોન્ડા ગામેથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર તપાસ દરમ્યાન ખુલ્લે વિગેરે કરવામાં આવે છે.

વાવડીના કારખાનામાં દાઝી ગયેલ ઉદયરાજ યાદવનું સારવારમાં મોત

રાજકોટ તા.૨૦

વાવડીમાં આવેલ સ્ક્રેપના કારખાનામાં દસેક દિવસ પહેલા આગ ભભુકી ઉઠી હતી. જ્યાં કારખાનાંમાં કામ કરતાં ત્રણ શ્રમિકો ગંભીર રિતે દાઝી જતા તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં એક શ્રમિક યુવકનું સારવારમાં મોત નિપજ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાવડી ઈન્ડસ્ટ્રીયલ સત્યનારાયણ વે બ્રિજ પાછળ આવેલા ઝા એન્ટરપ્રાઈઝ સ્ક્રેપના કારખાનામા દસેક દિવસ પહેલા પ્રેસ મશીનરીમાં આગ ભભુકતા નાસભાગ મચી જવા પામી હતી. બનાવ અંગે કારખાનાના માલિક ચંદુભાઈ ઝાએ તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

જીસીસીઆઈના એનઆરજી ટાસ્ક ફોર્સ દ્વારા

એન.આર.આઈ. માટે મેરેજ અવેરનેસ સેમિનાર યોજાયો

અમદાવાદ, તા.૨૦

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના એનઆરજી ટાસ્ટ ફોર્સ દ્વારા તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ જે.જી. યુનિવર્સિટી, અમદાવાદ ખાતે મેરેજ અવેરનેસ સેમિનારનું આયોજન થયું હતું. પ્રસ્તુત સેમિનારના એનઆરઆઈ સાથે લગ્નસંબંધ બાબતે વિવિધ કાનૂની જોગવાઈઓ તેમજ સાયબર અને સામાજિક પડકારો અંગે માહિતી પૂરી પાડવા વિવિધ પ્રતિષ્ઠિત વક્તાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિવિધ વક્તાઓએ પ્રસ્તુત વિષયો પર માહિતી પૂરી પાડી હતી તેમજ વિવિધ પડકારોને પહોંચી વળવા બાબતે નિવારક પગલા વિશે વાત કરી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં ડીસીસીઆઈ એનઆરજી ટાસ્ક ફોર્સના અધ્યક્ષ હિમાંશુ વ્યાસે થીમ સંબોધન કર્યું હતું. તેમણે બિનનિવાસી ગુજરાતીઓ અને તેમના વતન વચ્ચેના જોડાણને મજબૂત કરવાના ઉદ્દેશ સાથે કાનૂની સામાજિક અને આર્થિક બાબતોમાં તેમને ટેકો આપવાના હેતુથી ટાસ્ક ફોર્સની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ પહેલો પ્રકાશ પાડ્યો હતો.

સેમિનારમાં સાયબર ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદની મહિલા લોકરક્ષક શિવાંગી મુકુન્દ્રેનું યોગદાન નોંધપૂર્ણ રહ્યું હતું. તેઓએ મહિલા-કેન્દ્રિત દ્રષ્ટિકોણથી સાયબર મુદ્દાઓને સંબોધિત કરવા માટે મૂલ્યવાન પરિપ્રેક્ષ્યો રજૂ કર્યા હતા તેમ ગીતા જોશી એડિશનલ સેક્રેટરી જનરલે જણાવ્યું હતું.

ફરસાણના વેપારી સાથે રૂ.૧.૯૦ કરોડની છેતરપીંડી કરનાર મુખ્ય સૂત્રધાર સહિત બે ઝડપાયા

રાજકોટ. તા.૨૦

રાજકોટના વેપારી અને એસ્ટેટ બ્રોકરને ખોટો ખાતેદાર બતાવી ચાર શખ્સોએ રૂ.૧.૯૦ કરોડ પડાવી છેતરપીંડી આચરી ફરાર થઇ ગયેલાં મુખ્ય સૂત્રધાર સહિત બે શખ્સોને ગાંધીગ્રામ પોલીસની ટીમે દબોચી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે રાજકોટમાં રૈયારોડ પર હનુમાનમઢી પાસે તિરૂપતિનગર-૨માં રહેતાં ભુપતભાઈ ગોવિંદભાઇ ઠુંમર (ઉ.વ.૫૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મનીષ કચરા દેત્રોજા (રહે. રાજકોટ),શૈલેષ (રહે.સરપદળ), રવી વાઘેલા અને એક અજાણ્યાં શખ્સ જે ઘુસા ઘેલા સીતાપરા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમના મીત્ર દાઉદભાઈએ તેમને કહેલ કે, વેજા ગામમાં જમીન વેંચાવ છે. તેમ વાત કરતા તેઓ બંને જમીન જોવા ગયેલ ત્યારે મનીષભાઇ જે દલાલ છે તેણે આ જમીન જોયેલ છે. બાદમાં મનીષ સાથે ત્રણેય વેજા ગામની જમીન જોવા માટે ગયેલ હતા. પરંતુ જમીન મોંઘી પડતા લેવાની ના પાડેલ હતી. ત્યારે મનીષે વાત કરેલ કે, બીજે ક્યાંય વેંચાવ જમીન હશે તો હું તમને જાણ કરીશ તેમ કહી તેમનો મોબાઇલ નંબર લીધેલ અને તેમની મુરલીધર ફરસાણ દુકાનનું સરનામુ લીધેલ હતું.

એકાદ અઠવાડીયા બાદ સાંજના સમયે મનીષ મારી દુકાને આવેલ અને વાત કરેલ કે, ઘંટેશ્વર૨માં પાંચ એકર જમીન છે, જે તેમના મીત્ર શૈલેષના મામા ઘુસા સીતાપરાની છે અને શૈલેષ મારફત આ જમીન મેં છ કરોડ (એક એકરના) માં લેવાનુ નક્કી કરેલ છે. જેથી મે ટોકન આપેલ છે પરંતુ હાલ મારાથી આ જમીન લેવાય તેમ નથી. જો તમે આ જમીન રાખી લ્યો તેમ કહી આઠ કરોડ (એક એકરના) ભાવ કહેલ પરંતુ તેમને ના

રૈયારોડ પર ફરસાણની દુકાન ચલાવતાં અને એસ્ટેટ બ્રોકર ભુપતભાઈ ઠૂંમરને અટલ સરોવર નજીક લગડી જેવી બે એકર જમીન બતાવી ખોટા ખાતેદારની ઓળખ આપી રૂપીયા પડાવ્યાં'તા

પાડેલ પણ તમને રાજી કરી દઇશ તેમ જણાવેલ હતું. બાદ બીજા દીવસે તેઓ મનીષ સાથે જમીન જોવા માટે નવો ૧૫૦ ફુટ રીંગ રોડ અટલ સરોવરની બાજુમાં આવેલ છે ત્યાં ગયેલ જેથી જમીન તેમને ગમેલ અને લેવાની હા પાડેલ બાદ તેની પાસે જમીનના કાગળો માંગતા તેમને ૭, ૧૨, ૮-અ ની ખરી નકલ આપી ગયેલ. જેમાં જમીન માલીક ઘુસા સીતાપરાનું નામ દર્શાવેલ હતુ. બાદ જમીન માલીક ઘુસાભાઈ નુ આધાર કાર્ડ તથા પાન કાર્ડની નકલ આપવા દુકાને આવેલ ત્યારે શૈલેષ પણ તેની સાથે આવેલ અને કહેલ કે મારા મામાની જ જમીન છે. અને મનીષનો સોદો મેં જ કરાવેલ છે. બાદમાં તેમની દુકાને જ સોદો નક્કી કરી એક એકરના છ કરોડ કુલ રૂ.૩૦ કરોડ માં રાખવાનુ નક્કી કરેલ જે રૂપીયા દોઢ વર્ષમાં પુરા કરવાનુ નક્કી કરેલ હતુ.

ઘુસાભાઇએ તેમને નોટરાઇઝ સાટાખત કરી આપેલ જેમાં જમીનનો સોદો રૂ.૫.૨૧ કરોડમાં નક્કી કરવામાં આવેલ અને સુથી પેટે રૂ.૧ કરોડ આપેલનો ઉલ્લેખ કરેલ હતો. જેમાં પચાસ લાખ ચેક આપવાનુ નક્કી કરેલ હતુ. પરંતુ મનીષે ચેક લેવાની ના પાડેલ અને રોકડા રૂપીયા આપવાનુ જણાવતા રોકડા રૂ.૩૦ લાખ આપેલ અને દસ-દસ લાખના બે ચેક આપેલ હતા. જે ફક્ત બીજુ પેમેન્ટ આપુ ત્યાં સુધી રાખવા માટે આપેલ હતા. બીજા દીવસે ૨૦ લાખ રૂપીયા તેઓના ઘરે શૈલેષ, મનીષ તથા ઘુસા નામના વ્યક્તિ આવીને લઇ ગયેલ હતા.

પંદરેક દીવસ બાદ રૂ.૫૦ લાખ સૌરાષ્ટ્ર હાઇસ્કુલની બાજુમાં ટવીન ટાવર ખાતે તેમના મીત્ર મયુરભાઈ રાદડીયાની ઓફીસ પરથી ચારેય આરોપી આવી લઈ ગયેલ હતા. એક અઠવાડીયા બાદ ફરીવાર ત્યાંથી જ રૂ.૫૦ લાખ ચારેય શખ્સો લઈ ગયેલ હતા. વીસેક દીવસ બાદ રૂ.૨૫ લાખ માલવીયા ચોક પ્રમુખ સ્વામી આર્કેડ ઓફીસ નં.૧૦ પરથી ચારેય શખ્સો આવીને લઇ ગયેલ હતા. વીસેક દીવસ બાદ મહીલા કોલેજ ચોક પાસેથી રૂ.૧૫ લાખ લઈ ગયેલ હતા. જમીનના સોદા પેટેના ટોકનના રૂપીયા કટકે-કટકે ચારેયને કુલ રૂ.૧.૯૦ કરોડ રોકડેથી આપેલ છે.

સુરતમાં પાર્ટી પ્લોટમાંથી ફોક્સ લાઈટ ચોરતી ગેંગ ઝડપાઈઃ સાત શખ્સોની ધરપકડ

રાજકોટ. તા.૨૦

સુરતમાં પાર્ટી પ્લોટમાંથી ફોક્સ લાઈટ ચોરતી ગેંગને પોલીસે પકડી પાડી ચોરેલ ૬૦ એલઈડી લાઈટ કબ્જે કરી સાત શખ્સોની ધરપકડ કરી હતી. સિંગણપોર-ડભોલી પોલીસસે કાર્યવાહી કરી રૂા.૩.૬૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તપાસ હાથ ધરી હતી.

સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત અને સેક્ટર-૧ ડીસીપીએ મિલકત વિરૂધ્ધના ગુના અટકાવવા તેમજ અનડીટેક ગુના શોધી કાઢવા આપેલ સૂચનાથી સિંગણપોર-ડભોલી પોલીસ મથકના પીઆઈ વાય.બી.ગોહીલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ

સિંગણપોર વિસ્તારમાં આવેલ પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસને નિશાન બનાવી ફોક્સ લાઈટ ચોરતા, ૬૦ એલઈડી લાઈટ કબ્જે, ૩૯ વેંચી નાંખી

એ.જી.ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ, પરાકમસિંહ, કોન્સ્ટેબલ અમિતકુમાર અને અક્ષયભાઈને વિશ્વાસુ દ્વારા બાતમી હકીકત મળેલ કે, સિંગણપોર વિસ્તારમાં આવેલ અલગ અલગ પાર્ટી પ્લોટમાંથી એલ.ઇ.ડી. ફોક્સ ચોરી કરનાર મોટી વેડના રહેવાસી હિશ ઉર્ફે ચક્કો અને રેહાન ઉર્ફે બાબો શેખ તેમજ બીજા બે શખ્સો હિતેન રાઠોડ અને અનિકેત નાયકા તેઓ બાઇકમાં ચોરી કરેલ એલ.ઇ.ડી. ફોક્સ લઈને વેચવા માટે જવાના હોય અને ચારેય શખ્સો થોડીવારમાં ડભોલી ગામ સર્જન વાટીકાની બાજુમાં આવેલ આંબાવાડી પાસેથી પસાર થવાના હોય જેથી સ્ટ્રેફ વોચમાં રહી પસાર થયેલ શખ્સોને અટકાવી નામ પૂછતાં હિશ ઉર્ફે ચકુ જયેશ કથારીયા (ઉ.વ.૧૯) ,(રહે.તુલસીભાઈની ચાલ ચાર બંગલા સરદાર ક્રીક્ટ ગ્રાઉન્ડ સામે મોટી વેડ ગામ સુરત), રેહાન ઉર્ફે બાબો ફારૂક શેખ (ઉ.વ.૧૯),(રહે.મોટીવેડ ગામ સુરત), હિતેન રાજુ રાઠોડ (ઉ.વ.૨૨),(રહે. મોટીવેડ ગામ સુરત) અને અનીકેત અશોક નાયકા (ઉ.વ.૨૧),(રહે.નાયકાવાડા મોટીવેડ ગામ સુરત) જણાવ્યું હતું.

નામ બદલેલ છે

મારૂં નામ (જુનું) હેમિશ અશ્વિનભાઈ શાહ થી બદલીને નવું હેમેશ અશ્વિન શાહ રાખેલ છે. સરનામું : બી-૯૦૩, સ્વાતિ ગર્દેનિયા મકરબા, અમદાવાદ-૩૮૦૦૫૧

નામ બદલેલ છે

મારુ જુનુ નામ પંકજકુમાર રમણલાલ પટેલ હતુ તે બદલીને નવું નામ પંકજભાઈ રમણલાલ પટેલ રાખેલ છે. ૧૦, છબી એપાર્ટમેન્ટ, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

નામ બદલેલ છે

મારુ જુનુ નામ મનીષાબેન પંકજકુમાર પટેલ હતુ તે બદલીને નવું નામ મનીષાબેન પંકજભાઈ પટેલ રાખેલ છે. ૧૦, છબી એપાર્ટમેન્ટ, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

નામ બદલેલ છે

જુનું નામ તહેરહુસેન એહમદહૂસેન મલિક તે બદલીને નવું નામ તાહીરહુસેન એહમદહૂસેન મલિક કરેલ છે. સરનામું : ૧, જિલાની પાર્ક સોસાયટી, મેરેજ હોલ સામે, નડિયાદ ખેડા-૩૮૭૦૦૧

નામ બદલેલ છે

મારું જુનું નામ મહેતા મનિષભાઈ ભરતભાઈ હતું તે બદલીને નવું નામ મનિષકુમાર ભરતકુમાર મહેતા રાખેલ છે. સરનામું : મહાલક્ષ્મીની પોળ, હનુમાનજીના મંદિર પાસે, વિરમગામ, જિ.અમદાવાદ

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

OMKARA ASSETS RECONSTRUCTION PRIVATE LIMITED

CIN: U૬૭૧૦૦T૨૦૧૪PTC૨૦૩૬૩ કોર્પોરેટ ઓફિસઃ કોહિનૂર સ્કવેર, ૪૭મો માળ, એન.સી. કેલકર માર્ગ, આર.જી. ગડકરી ચોક, દાદર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૨૮૨ ઈમેલઃ rajesh.jumaniomkaraarc.com/zuber.khanomkaraarc.com/pratik.rasalomkaraarc.com અધિકૃત અધિકારી એમ નંબરઃ +૯૧ ૮૬૫૭૯ ૬૯૨૩૧ /+૯૧ ૮૬૫૫૬ ૬૮૫૬૫ છે

પરિશિષ્ટ - IV-A નિયમ ૮(૬) r/w ૯(૧)ની જોગવાઈ જુઓ

સ્થાવર મિલકતના ઈ-ઓક્શન વેચાણ માટેની જાહેર સૂચના

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("સરફેસી એક્ટ") હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ, નિયમ ૮ (૬) આર/ડબલ્યુ ૯(૧) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે. સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર (ઓ) અને બાંયધરી આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદારને મોર્ટગેજ/ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો લેવામાં આવ્યો છે. OmkaraAssets Reconstruction Pvt.ના અધિકૃત અધિકારી દ્વારા. લિ. (OARPL). વધુમાં, OARPL (ઓમકારા PS ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરી રહ્યા છે) એ નીચેના ખાતાઓના સંપૂર્ણ બાકી દેવા હસ્તગત કર્યા છે IndusInd Bank Ltd (Asignor Bank) તરફથી તારીખ ૨૫.૦૬.૨૦૨૧ ના. અસાઇનમેન્ટ એગ્રીમેન્ટ દ્વારા અસાઇનર બેંકની અંતર્ગત સુરક્ષા સાથે. તદનુસાર, OARPL એ અસાઇનર બેંકમાં પ્રવેશ કર્યો છે અને લેણાંની વસૂલાત કરવા અને સુરક્ષા લાગુ કરવા માટે સત્તા આપી છે. OARPL ના અધિકૃત અધિકારીએ ઋણ લેનાર/જામીનદાર/સહ-ઉધાર લેનાર પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત મિલકતનો ભૌતિક કબજો લીધો હતો. OARPL ના અધિકૃત અધિકારી આથી લેણાંની વસૂલાત માટે નીચે દર્શાવેલ સુરક્ષિત મિલકતો વેચવાનો ઇરાદો ધરાવે છે અને તેથી સુરક્ષિત મિલકતની ખરીદી માટે ટેન્ડરો/બીડ સીલબંધ કવરમાં આમંત્રિત કરવામાં આવે છે. મિલકતને અધિકારોના ઉપયોગ માટે વેચવામાં આવશે અને સરફેસી એક્ટની કલમ ૧૩ (૨) અને (૪) ની જોગવાઈઓ હેઠળ સત્તાઓ; સંબંધિત ઋણ લેનાર અને સહ-ઋણ લેનાર પાસેથી સુરક્ષિત લેણદાર તરીકે OARPL ને કારણે સંબંધિત કોલમમાં નીચે દર્શાવેલ રકમની વસૂલાત માટે જેમ છે ત્યાં, જેમ છે તે, અને જે ત્યાં છે અને આશ્રય વિના પર(ઓ) નીચે બતાવેલ છે. ઋણ લેનારા/જામીનદારો/ગીરો, સિક્યોરિટીઝ, માલિક, બાકી લેણાં, ડિમાન્ડ નોટિસની તારીખ હેઠળ મોકલવામાં આવેલી વિગતો કલમ ૧૩(૨), કબજાની તારીખ, અનામત કિંમત, બિડ ઈન્